ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૨૮.૦ ડીગ્રી
લઘુતમ : ૧૧.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૫૬ ટકા

ગાંધીનગર તાપમાન

શહેરમાં શાળા-સંસ્થાઓમાં નાતાલની ઉજવણી

ગાંધીનગર, તા.૨૬

● એસ.જી. અને એસ.વી. શાળા : એસ.જી. અને એસ.વી. અંગ્રેજી માધ્યમ પ્રાથમિક શાળામાં ધોરણ ૧ થી ૪ના વિદ્યાર્થીઓ માટે નાતાલ પર્વની ઉજવણીના ભાગરૂપે ક્રિસમસ ટ્રી સુશોભન કરવામાં આવ્યું હતું. ધોરણ ૫ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ચિત્ર સ્પર્ધા યોજાઈ હતી. જેમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

● સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર : સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ચિલોડા ખાતે ક્રિસમસની ઉજવણીના ભાગ રૂપે કાર્યક્રમ યોજાયો હતો. જેમાં બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને નાતાલ પર્વની ઉજવણી કરી હતી.

● સમર્પણ પબ્લિક સ્કૂલ : સમર્પણ પબ્લિક સ્કૂલ ખાતે નાતાલ પર્વનું સુંદર આયોજન કરાયું હતું. જેમાં વિદ્યાર્થીઓએ અલગ અલગ વેશભૂષા ધારણ કરીને ડ્રામા, નૃત્ય કરીને આ કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. શાળાના દરેક વિદ્યાર્થીઓને શાળા તરફથી ભેટ આપીને સન્માનિત કરાયા હતા. આ કાર્યક્રમમાં શાળાના મેનેજિંગ ડાયરેટર મહેન્દ્રસિંહ વાઘેલા, કેમ્પસ ડાયરેકટર ડૉ. એમ.ડી. પાંડે, શાળાના આચાર્ય સુનિલકુમાર કેસરી, એડમિન સ્ટાફ અને શિક્ષકોની હાજરીમાં આ કાર્યક્રમ યોજાયો હતો.

● ગુરૂકૃપા ફાઉન્ડેશન : ગુરૂકૃપા ફાઉન્ડેશન દ્વારા નાતાલ પર્વની ઉજવણી જરૂરીયાતમંદોને ભોજન કરાવીને કરવામાં આવી હતી. ગુરૂકૃપા ફાઉન્ડેશન દરેક તહેવાર જરૂરીયાતમંદોને ભોજન, ગરમ કપડાં અને ગૌશાળામાં ગાયોને ઘાસચારા ખવડાવીને ઉજવે છે.

રેડક્રોસ સંચાલિત મોબાઈલ વેકિસન વાનને લીલી ઝંડી અપાઈ

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના રાજયપાલ આચાર્ય દેવવ્રતએ રાજભવન ખાતેતી ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, રાજય શાખા દ્વારા સંચાલિત મોબાઈલ વેકિસન વાનને લીલી ઝંડી ફરકાવી પ્રસ્થાન કરાવ્યું હતું. રાજયના આરોગ્ય વિભાગના સંકલનમાં ઔદ્યોગિક વિસ્તાર તેમજ અંતરિયાળ વિસ્તારના ગામમાં પહોંચી આ મોબાઈલ વેકિસન વાન દ્વારા રસીકરણની કામગીરી કરવામાં આવશે. જેનાથી સો ટકા રસીકરણના લક્ષ્યાંકને વધુ ઝડપી અને સરળતાથી સિધ્ધ કરી શકાશે. ટાટા મોટર્સના સહયોગથી રાજય શાખાને પ્રાપ્ત થયેલી બે મોબાઈલ વેકિસનવાન ઓકિસજન કન્સન્ટ્રેટર્સ અને જરૂરી દવાના જથ્થા સાથે સજ્જ છે. રાજય શાખા દ્વારા એક મોબાઈલ વાન ગાંધીનગર જિલ્લા માટે ફાળવાઈ છે. જે વિસ્તારમાં મીનીમમ ૧૫ વ્યકિત તૈયાર થશે ત્યાં સ્થળ પર

વેકિસન વાન સ્ટાફ સાથે જઈ વેકિસન ડોઝ આપશે. રસીકરણ માટે રેડક્રોસ ગાંધીનગર મો. ૯૮૨૪૦ ૨૯૯૦૨ પર સંપર્ક કરવા માટે જણાવાયું હતું. આ પ્રસંગે રાજય શાખાના વા. ચેરમેન એડવોકેટ સુમીત ઠકકર, સેક્રેટરી ડૉ. પ્રકાશ પરમાર, ઉપમંત્રી અશોક શીલુ, ટાટા મોટર્સના સીનીયર જનરલ મેનેજર નિરજ અગ્રવાલ, વિવેક બિન્દ્રા ઉપસ્થિત રહ્યા હતા. ગાંધીનગર જિલ્લા રેડક્રોસના ચેરમેન જીલુભા ધાંધલ, મગનભાઈ કાકડીયા, વધાસીયા સરે વેકિસનનો બીજો ડોઝ લઈ શુભારંભ કરાવ્યો હતો.

રોહિદાસ સેવા સમાજ દ્વારા પોલીસ ભરતીના વિદ્યાર્થીઓને સુવિધા

ગાંધીનગર, તા.૨૬

સમગ્ર ગુજરાત રાજયમાં પોલીસ ભરતી ચાલી રહી છે જે અન્વયે રાજયના જુદા જુદા જિલ્લા તાલુકા મથકોમાંથી આવનાર વિદ્યાર્થી વિદ્યાર્થીનીઓ માટે સંતશ્રી રોહિદાસ સેવા સમાજ દ્વારા રહેવાની તથા જમવાની નિઃશુલ્ક વ્યવસ્થા પુરી પાડવામાં આવે છે. જેમાં સર્વે સમાજના વિદ્યાર્થીઓ માટે આ સેવા કાર્ય કરવામાં આવી રહ્યું છે. સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ બી. પરમાર, મંત્રી સુનિલકુમાર એમ. રાઠોડ, હોદ્દેદારો, કારોબારી સભ્યો તેમજ સમાજના અગ્રણીઓ એસ.એમ. સોલંકી, ગંગારામ રાઠોડ, વસંતભાઈ પરમાર, રસિકભાઈ રાઠોડ, અરવિંદભાઈ પરીખ, ભવાનભાઈ મકવાણા, મહેશભાઈ પરમાર, ભગવાનદાસ

સોલંકી, ખેમચંદભાઈ પરમાર, અણદાભાઈ ચાવડા, ચિમનભાઈ જે. રાઠોડ, વિઠ્ઠલભાઈ પરમાર વગેરે સેવાઓ બજાવે છે. ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણાએ આ સંસ્થાની મુલાકાત લીધી હતી અને આવનાર ઉમેદવારો સાથે સંવાદ કર્યો હતો. આ સેવાકાર્યમાં સંત રોહિદાસ મહિલા ભજન મંડળીની બહેનોમાં મધુબેન બી. પરમાર, હંસાબેન ડી. પરમાર, જશીબેન કે. પરમાર, જશીબેન રાઠોડ, હંસાબેન જે. પરમાર, ઉર્મિલાબેન વગેરે બહેનો ખૂબ ખંતથી સેવાકાર્યમાં જોતરાઈ જાય છે અને સ્વાદિષ્ટ ભોજન બનાવે છે. સેકટર-૭ પોલીસ સ્ટેશનના પીએસઆઈ દીપકભાઈ એન. પરમાર અને કમાન્ડો મુકેશભાઈ પરમાર દ્વારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને ટ્રેનિંગ આપવામાં આવી હતી. આમ સંત શ્રી રોહિદાસ સેવા સમાજ દ્વારા પોલીસ ભરતીની શારિરીક કસોટીમાં આવનારા તમામને આશરો આપીને સુંદર સેવાકાર્ય કરવામાં આવી રહ્યું છે.

ચિરવિદાય

● મુકિતધામ ●

- **સ્વ. અંજરીયા હર્ષ ભાનુભાઈ,** ઉ.વ. ૭, સેકટર-૧૯
- **સ્વ. પટેલ જયેશકુમાર મોહનભાઈ,** ઉ.વ. ૫૨, રૂપાલ
- **સ્વ. નાયક બાલુભાઈ પુરષોત્તમદાસ,** ઉ.વ. ૭૩, સેકટર-૨૪, ઈન્દિરાનગર

● રૂદ્રભૂમિ ●

- **સ્વ. લેઉવા શંકરલાલ રામજીભાઈ,** ઉ.વ. ૮૫,સેકટર-૩
- **સ્વ. પટેલ ગંગાબેન સવજીભાઈ,** ઉ.વ. ૮૦, સે-૩ એ ન્યુ

સે-૩-ન્યૂ ભજન મંડળ દ્વારા ડાકોર ગલતેશ્વર પ્રવાસ

ગાંધીનગર, તા.૨૬

સેકટર-૩ ન્યૂ ભજન મંડળીની બહેનો અટલ બિહારી બાજપાઈના જન્મદિવસની ઉજવણી અન્યવે ડાકોર, ગલતેશ્વર, સિધ્ધિ વિનાયક ગણપતિ દર્શને ગયા હતાં. જેમાં ૧૦૦ જેટલી બહેનોએ રણછોડરાયના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. જેમાં વોર્ડ નં. ૯ના ચૂંટાયેલા ભાજપના કોર્પોરેટર રાજુભાઈ પટેલ, શૈલાબેન ત્રિવેદી, અલ્પાબેન પટેલ, ડૉ.સંકેતભાઈ પંચાસરાએ આર્થિક સહયોગ આપી ડાકોર પ્રવાસ સફળ બનાવ્યો હતો. સેકટરની બહેનોએ તેમનો આભાર વ્યકત કરતા ધન્યતા અનુભવી હતી.

સેકટર-૧૧નું રામકથા મેદાન રવિવારે ક્રિકેટ મેદાનમાં પરિવર્તિત બની જાય છે. ક્રિકેટ પ્રેમીઓ સવારથી જ અહીં અડ્ડો જમાવીને બેસી જાય છે. વહેલી સવારથી મોડી સાંજ સુધી અહીં જુદી જુદી મેચ રમાતી રહે છે.

જીવનમાં તો હંમેશા એકબીજાનો હાથ પકડીને જ આગળ વધાય...!!

બાળપણથી જ નસીબમાં અણધારી કસોટીઓનો સામનો કરવા છતાં અકલ્પનીય સફળતાઓ મેળવનાર ગાંધીનગરના પ્રજ્ઞાચક્ષુ બેંક કર્મચારી : અર્થશાસ્ત્રમાં સ્નાતક અને સમાજસેવા ક્ષેત્રે માસ્ટર ડિગ્રી સાથે સંગીત-ડાન્સ ક્ષેત્રે ૫૬ જેટલાં પારિતોષિક મેળવનાર આ 'કલાકાર'ને દિવ્યાંગો માટે વિશેષ યોગદાન આપવું છે

ગાંધીનગર, તા.૨૬

જીંદગી એટલે એવી પરીક્ષા જયાં તમે જે પ્રશ્નોના જવાબની તૈયારી કરી ગયાં હોવ ત્યાં આખે આખું પ્રશ્નપત્ર જ બદલાઈ જાય તેનું નામ જીંદગી. અણધારા આશ્ચર્યો અને કસોટીઓ તમારી સામે મુકી દે તેનું નામ જીંદગી અને એ પરિસ્થિતિમાં પણ પોતાના આત્મવિશ્વાસ અને ધગશના સહારે નવી કડી કંડારે તેનું નામ જીંદાદિલી. જયાં નાની સરખી મુશ્કેલીઓમાં પણ મોટા મજબૂત મહારથીઓ પોતાની હિંમત ખોઈ બેસે છે ત્યાં સમાજમાં અઢળક એવા પણ વિરલાં છે જેમના નસીબમાં 'અપૂર્ણતા' મળી હોવા છતાં સ્હેજ પણ ડગ્યાં વગર જીવનપથ પર આગળ વધતાં રહી નીતનવા સોપાનસર કરે છે. ગાંધીનગરમાં સેકટર-૧૬માં બેંક ઓફ ઈન્ડિયા ખાતે કાર્યરત નિલેશ સોલંકી નામના પ્રજ્ઞાચક્ષુ બેંક કર્મચારી આવી જ એક જીંદાદિલીનું પ્રેરક ઉદાહરણ છે જેઓના નસીબમાં અચાનક આવી ચઢેલી દિવ્યાંગતા છતાં તેમણે અનેક સિધ્ધિઓ હાસંલ કરી છે અને હજુ પણ તેમનો ધ્યેય નવા શિખરો સર કરવાનો છે.

સાબરકાંઠા જિલ્લામાં તલોદ તાલુકાનાં હરસોલ ગામના અમૃતભાઈ સોલંકી અને સવિતાબેનના ત્રણ સંતાનો પૈકી નાના દિકરા નિલેશને જન્મથી ડાબી આંખ ત્રાંસી હોવાથી તે આંખે ખૂબ ઓછું દેખાતું હતું. પિતાની નોકરી અમદાવાદ હોવાના પગલે મેઘાણીનગર ખાતે ધોરણ ૧થી પનો અભ્યાસ કરનાર નિલેશને વર્ષ ૨૦૦૨માં અચાનક જમણી આંખ જે તદ્દન સાજી હતી તેમાં રેટીનાની તકલીફ થવા પામી હતી જે માટે તેમના પિતાએ તે સમયના અમદાવાદના ખ્યાતનામ આંખના સર્જન પાસે તેમની મોંઘી સર્જરી કરાવી પરંતુ નિલેશની આંખમાં ફેસીંગ પછી પણ લોહી નીકળતું હતું જે માટે અંતે તેમણે નગરી આંખની

હોસ્પિટલ ખાતે બતાવતાં તેમના આંખની મુખ્ય નસ જ બ્લોક થઈ ગઈ હોવાનું નિદાન થવા સાથે તબીબોએ તેમને વધુ ઓપરેશન કે ઈલાજ અશકય દર્શાવી બાળ નિલેશને અમદાવાદની અંધજન મંડળ સંસ્થામાં ભણવા મુકી દેવાની સલાહ આપી હતી. નસીબના નિર્ણયનો સ્વીકાર કરીને અંધજન મંડળમાં દાખલ થયેલા નિલેશને બ્રેઈલ લીપીમાં અભ્યાસ કરવા માટે સંસ્થાના નિયમાનુસાર ફરી ધોરણ ૧થી શરૂઆત કરવી પડી હતી. અંધજન મંડળમાં અભ્યાસ સાથે જ સંગીતમાં રૂચિના કારણે તેની પણ તાલીમ મેળવનાર નિલેશ સોલંકીએ સંગીતમાં 'વિશારદ'ની પદવી પણ પ્રાપ્ત કરી લીધી. એટલું જ નહીં તેમણે ધોરણ-૧૦ અને ૧૨ની બોર્ડની પરીક્ષામાં ફર્સ્ટ કલાસ મેળવ્યા બાદ અર્થશાસ્ત્ર જેવા વિષય સાથે સ્નાતકની ડિગ્રીમાં પણ ફર્સ્ટ કલાસ મેળવ્યો હતો.

સ્નાતકપૂર્ણ કર્યા બાદ નિલેશ સોલંકી ગૂજરાત વિદ્યાપીઠ ખાતે સમાજસેવા કાર્યમાં માસ્ટર ડિગ્રીનો એમએસડબલ્યુનો અભ્યાય કરવા એડમિશન લેવા ગયા ત્યારે યુનિવર્સિટીમાંથી જણાવાયું કે 'આજ સુધી કોઈ પણ અંધ વિદ્યાર્થીએ આ અભ્યાસ કર્યો નથી, તમને કેવી રીતે પ્રવેશ આપવો?' જો કે તેમને અનામતનો લાભ મળી શકે તેમ હોવા છતાં તેમના બીએના પરિણામને આધારે સામાન્ય કેટેગરીમાં જ પ્રથમ નંબરે મેરિટ લિસ્ટમાં સ્થાન મળતાં યુનિવર્સિટીએ પ્રવેશ આપ્યો અને ગુજરાતમાં તેઓ સમાજસેવામાં માસ્ટર ડિગ્રી મેળવનાર પહેલાં વિદ્યાર્થી બન્યા તે પણ ફર્સ્ટ કલાસમાં પાસ થઈને. તેમણે પોતાના આ અભ્યાસક્રમ દરમિયાન અમદાવાદની એએમટીએસની બસોમાં અંધજનોને પડતી મુશ્કેલીઓ અંગે ૫૦ જેટલાં પ્રજ્ઞાચક્ષુ મુસાફરોની મુલાકાત લઈને તે અંગે સંશોધન કર્યું હતું. એમએસડબલ્યુ પછી તેઓ વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં નેટની પરીક્ષામાં પણ કવોલીફાય થયાં અને તેમણે પ્રાધ્યાપક બનવાની ખેવના સેવી હતી પરંતુ તેમના વિષયમાં લાંબા સમય સુધી કોઈ ભરતી ના આવતાં છેવટે તેમણે બેંકીંગ ક્ષેત્રે તાલીમ મેળવી અને આ ક્ષેત્રે પ્રતિષ્ઠિત ગણાતી આઈબીપીએસ પરીક્ષા પાસ કરવા મિત્રોની મદદ તથા ઈન્ટરનેટનો ઉપયોગ કરીને ત્રીજા પ્રયાસે તેની પ્રિએકઝામ તથા મેઈન્સ બંને પાસ કરી લીધી હતી. આ દરમિયાન તેમણે નાની મોટી જોબ પણ કરી જેમાં તેઓ ગાંધીનગરની ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીમાં પણ વિઝિટીંગ ફેકલ્ટી તરીકે સેવાઓ આપી ચુકયાં છે. બીજી તરફ તેઓ સંગીત ક્ષેત્રે પણ એક પછી એક સિધ્ધિઓ મેળવે જતા હતા એટલું જ નહી પરંતુ સ્ટેજ ડાન્સ પરફોર્મન્સમાં પણ નામના મેળવી રહ્યા હતા. સંગીત નૃત્ય ક્ષેત્રે આશરે ૫૬ જેટલાં એવોર્ડ પારિતોષિક પ્રાપ્ત કરનાર નિલેશ સોલંકીએ રાહ ફાઉન્ડેશન નામની સંસ્થાના જશુભાઈ કવિની મદદથી 'રાહ મ્યુઝિકલ' નામનું ઓરકેસ્ટ્રા બેન્ડ પણ બનાવ્યું છે જેમાં અડધા કલાકારો પ્રજ્ઞાચક્ષુ છે અને આ ઓરકેસ્ટ્રા શરૂ કરવા પાછળ તેમનો ઉદ્દેશ સમાજને દિવ્યાંગો પણ સામાન્ય જીવન જીવી શકે છે તેવો સંદેસ આપવાનો છે. સંગીતના ક્ષેત્રે તેમણે બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશનાની 'બીપીએઆઈડલ' ઈવેન્ટમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું અને એકવાર અમેરિકાના ન્યુ જર્સી ખાતે 'ચલો ગુજરાત' કાર્યક્રમમાં ડાન્સ તથા સિંગીંગનું પરફોર્મન્સ પણ આપ્યુંહતું. ૨૦૧૮માં સાબરમતી રીવરફ્રન્ટ ખાતે 'યુવા ફેસ્ટ'માં પ્રથમસ્થાન મેળવનાર નિલેશ સોલંકીને આઈબીપીએસ પાસ કરવાને પગલે બેંક ઓફ ઈંડિયામાં નોકરી પ્રાપ્ત થઈ છે અને તેઓને સેકટર-૧૬ની શાખામાં કસ્ટમર સર્વિસનું ટેબલ આપવામાં આવ્યું છે જયાં તે દરેક પ્રકારના ગ્રાહકોને પડતી બેકીંગ મુશ્કેલીઓ અંગે માર્ગદર્શન અને મદદ પુરી પાડે છે. તેમને બેંકના ઝોનલ મેનેજર રવિશંકરથી માંડીને તમામ સ્ટાફનો સહકાર પ્રાપ્ત થઈ રહ્યો છે.

પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં અનેક પરીક્ષાઓ સફળતાપૂર્વક પાસ કરનાર નિલેશ સોલંકીનું એક સ્વપ્ન 'દિવ્યાંગોને રોજગારી મેળવવામાં પડતી મુશ્કેલીઓ' અંગે સંશોધન કરીને તે વિષયમાં પીએચડી કરવાનું છે. અને તે માટે તેઓ ગૂજરાત વિદ્યાપીઠમાં પસંદગી પણ પામ્યા હતા પરંતુ તે સમયે જ બેંકમાં નોકરી મળતાં તે શકય બન્યું નથી પરંતુ આ સ્વપ્ન ભયિષ્યમાં પણ પૂર્ણ કરવા કટિબધ્ધ નિલેશ સોલંકીના જીવનની ફિલસૂફી છે કે 'એકબીજાનો હાથ પકડીને જ આગળ વધાય.'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@gmail.com

વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા નેહલ દેસાઈનું બહુમાન કરાયું

શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટનો વાર્ષિક સ્નેહમિલન કાર્યક્રમ સેકટર-૮ રંગમંચ ખાતે યોજાયો હતો. આ

સંસ્થાના સક્રિય કાર્યકર આશિષકુમાર મહેન્દ્રભાઈ દેસાઈના પત્નિ નેહલ આશિષકુમાર દેસાઈનું મિકેનિકલ એન્જિનિયરીંગમાં પીએચડી ડિગ્રી પ્રાપ્ત કરવા બદલ શ્રી વિસનગરા નાગર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. નેહલ દેસાઈને તેમના રીસર્ચ થીસીસ 'ડેવલપમેન્ટ ઓફ એલ્યુમિનિયમ બેસઝ હાઈબ્રીડ એમએમસીમટીરીયલ એન્ડ ઈન્વેસ્ટિગેશન ઓફ મશીન પર્ફોમન્સ ડયુરિંગ વાયર ઈલેકટ્રીકલ ડિસ્ચાર્જ મશીનીંગ ઓફ A_1/B_4C-Gr' બદલ ડોકટરની ડીગ્રી રાય યુનિવર્સિટી ધોળકા દ્વારા એનાયત કરેલ છે.

જન્મદિને વધામણી



હાર્દજ્ઞ ધનંજય જોષી
મો. ૯૮૨૪૩ ૪૩૦૩૮

ભવ્ય પટેલ
મો. ૮૫૧૧૧ ૦૦૧૯૦

વિધિ નિકુલસિંહ બિહોલા
મો. ૯૯૭૪૫ ૨૫૬૨૮

વિઆન વિશાલકુમાર ગોહિલ
મો. ૯૬૮૭૧ ૮૯૬૫૫

રિદ્ધિ ચિરાગ ઠાકોર
મો. ૭૬૦૦૫ ૨૫૪૫૨

પ્રિયાંશી કલ્પેશકુમાર સાગર
મો. ૯૨૭૭૬ ૦૯૦૬૦